વડીલોને વંદન અભિનંદન

મૂળજીભાઈ પરમાર 'દધિ'
(૧૯૪૭)ફોન:૯૮૨૪૨૩૬૮૯૫

રમેશચંદ્ર રણછોડદાસ પારેખ
(૧૯૪૮)ફોન:૨૩૨૩૩૮૧૬

ચૈત્રી નોરતાના વધામણા

ચૈત્રી નવરાતના પ્રારંભે સેક્ટર-૩-સી માંઈ મંડળ દ્વારા સેક્ટરમાં કલ્ચરલ સ્કવેર ખાતે આનંદના ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનાબેન ગોકલાણીના સ્વરે આનંદનો ગરબો રજૂ થયો હતો. જેમાં વિવિધ સેક્ટરોના મહિલા મંડળો અને ભજનમંડળની બહેનો સહીત ૮૦૦ થી વધુ ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. આનંદના ગરબાના આયોજનને સફળ બનાવવા કુ. ચેતના ભુચ, વિજયાબેન અખાણી, કનુભાઈ ચોબેરા, વાસુદેવભાઈ અજબાણી, રામભાઈ પટેલ, જયંતભાઈ દેસાઈ, વિષ્ણુભાઈ પટેલ ઉપરાંત માંઈ મંડળની બહેનોએ જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરાઈ

ગાંધીનગર, તા.૩૧

ગાંદ્યીનગર જિલ્લા ચૂંટણી અદ્યિકારી અને કલેકટર શ્રી પી.સ્વરૂપના અદ્યક્ષ સ્થાને આજરોજ ગાંદ્યીનગર સંસદીય મતવિસ્તાર સંબંદ્યિત ચૂંટણી કામગીરીને અનુલક્ષીને એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સમગ્ર જિલ્લા અને સંસદીય મતવિસ્તારમાં આદર્શ આચારસંહિતાના અમલ, ખર્ચ નિયંત્રણ, પોલીસ દ્વારા કાયદો-વ્યવસ્થાની કામગીરી વિષયક વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અદ્યિકારી શ્રી પી.સ્વરૂપે આર્દશ આચાર સંહિતાના અમલીકરણ માટે નિમાયેલ વિવિદ્ય ટીમોના નોડલ અદ્યિકારીશ્રીઓ પાસેથી તેમણે કરેલ કામગીરીની માહિતી મેળવી હતી. આચારસંહિતાના નોડલ અદ્યિકારી શ્રી જયશ્રીબેન દેવાંગણે આચારસંહિતાન ભંગની ફરિયાદની માહિતી આપતા કહ્યું હતું કે, તા. ૩૦મી માર્ચ, ૨૦૧૪ સુદ્યીમાં કુલ આચારસંહિતા ભંગની ૯ ફરિયાદો મળી છે, જે સંદર્ભે જરૂરી કરી નિકાલ કરવામાં આવેલ છે.

જિલ્લા ચૂંટણી અદ્યિકારીશ્રીએ વદ્યુમાં પોલીગ સ્ટેશનમાં કંઈ કંઈ બાબતોનું ધ્યાન રાખવાનું છે, ઉમેદવારીપત્ર ભરવા આવતા ઉમેદવાર પોતાની સાથે કેટલા વ્યક્તિઓને લઈ ચૂંટણી અદ્યિકારી - મદદનીશ ચૂંટણી અદ્યિકારીશ્રીની રૂમમાં -વેશ મેળવી શકે છે, ચૂંટણી -ચારના હેતુ માટે ઉપયોગ થનાર વાહનના આગળના ભાગમાં પરવાનગી પત્ર અસલમાં -દર્શિત કરવા અંગેની, દારૂ અને નશાયુક્ત પદાર્થોના વેચાણ-હેરફેર પર -તિબંદ્યાત્મક આદેશની વિસ્તૃત વાત કરી હતી. તે ઉપરાંત બેઠકના અમર્યાદિત અને શંકાસ્પદ ટ્રાન્ઝેશકશન પર નજર રાખવા જણાવ્યું હતું.

ગાંદ્યીનગર જિલ્લા પોલીસ અદ્યિક્ષક શ્રી શરદ સિંદ્યલે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને કરવામાં આવેલ કામગીરીની વિસ્તૃત માહિતી આપી હતી. એક્ષપેન્ડિચર મોનીટરીગ સેલના ચીફ નોડલ ઓફિસર અને જિલ્લા વિકાસ અદ્યિકારી શ્રી વિકટર મેકવાને ફ્લાઈંગ સ્કવોર્ડ અને વિડિયો સર્વેલન્સ ટીમ દ્વારા જયારે વાહન કે કોઈ કાર્યક્રમનું વિડિયો શુટીગ કરવામાં આવતું હોય તે સમયે કંઈ કંઈ બાબતોની ખાસ તકેદારી રાખવી તેની માહિતી આપી હતી. આર્દશ આચારસંહિતા અમલીકરણ માટે વિવિદ્ય વિદ્યાનસભા મતવિસ્તારમાં ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા વાહન ચેકીગ ઝુંબેશ કડક બનાવવા અને વાહન ચેકીગ કે અન્ય ચૂંટણી અંતર્ગતની કામગીરીમાં સામાન્ય નાગરિકની હેરાનગતિ ન થાય તે રીતે કામ કરવા પણ જણાવ્યું હતું. વદ્યુમાં એસ.એસ. ટી અને એફ.એસ.ટી દ્વારા તેકદારી રાખવાના મહત્વ મુદ્દાઓની પણ વિસ્તૃત ચર્ચા કરી હતી. એક્ષપેન્ડિચર મોનીટરીગ સેલ દ્વારા કોઈ ફરિયાદ આવશે તો તેની તપાસ તટસ્થ રીતે થાય તે ભારપુર્વક જણાવ્યું હતું.

નિવાસી અદ્યિક કલેકટર શ્રી એમ. ડી.મોડિયા, નાયબ જિલ્લા ચૂંટણી અદ્યિકારી શ્રી દર્મેશ પટેલ સહિત ગાંદ્યીનગર સંસદીય મત વિસ્તારના મ.ચૂંટણી અદ્યિકારીશ્રીઓ, વિવિદ્ય ટીમોના નોડલ ઓફિસરો અને સંબંદ્યિત અદ્યિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહયાં હતાં.

સે-૨ ૩માં આનંદના ગરબાનું અનુષ્ઠાન

ગાંધીનગર, તા.૩૧

ચૈત્રી નવરાત્રિનો આરંભ થઈ ચૂકયો છે ત્યારે શહેરના સેકટર-૨ ૩ના શિવશકિત મંદિર ખાતે ચૈત્રી નવરાત્રિ સુધી દરરોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન માઈ મંડળ દ્વારા આનંદના ગરબાનું અનુષ્ઠાન કરવામાં આવશે. કાર્યક્રમમાં નગરવાસીઓને લાભ લેવા જણાવાયું છે.

શહેરમાં પાણીનો પુરવઠો પુરતા દબાણથી આપવા અંગે

ગાંધીનગરમાં પાણીના મીટરો મુકવાનું નક્કી થયેલ છે. તેના સાથે સૌ સંમત છે. પરંતુ છેવાડાના સેકટરોના ઘરોમાં પાણી આવતું નથી. અંડરગ્રાઉન્ડ ટાંકી ભરાયા પછી મોટરોથી પાણી ચઢાવવામાં આવે છે. પરિણામે વીજળી બીલ ઊંચા આવે છે.

પાટનગર યોજના વિભાગ દ્વારા પાણીના વપરાશના આધારે માળખું નિયત કરી મીટર મુકવાની કામગીરી કરે તે પહેલાં ત્રીજા, ચોથા માળ સુધી પાણી ચઢે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. જેથી પાણીની મોટરોનો ઉપયોગ ન કરવો પડે. રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલે જણાવેલ છે.

પીંપળજ ગામે ખેતરમાંથી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નજીક પીંપળજ ગામે ખેતરમાંથી પેથાપુર પોલીસે દરોડો પાડી રૂ. ૫૬૦૦ના વિદેશી દારૂના જથ્થા સાથે બે બુટલેગરોની ધરપકડ કરી હતી અને બન્ને વિરૂદ્ધ ગુનો વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર પાસેના પીંપળજ ગામે ગામની સીમમાં આવેલ એક ખેતરમાં પેથાપુર પોલીસની ટીમે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો અને ખેતરમાં છુપાવેલ એક પેટી વિદેશી દારૂ અને બાર નંગ બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઉપરાંત બે બુટલેગરો ચેરાજી જેહાજી ઠાકોર અને વિજયસિંહ પ્રવિણસિંહ વાઘેલાની પણ દરોડા સ્થળેથી ધરપકડ કરી હતી. પોલીસે રૂ. ૫,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી જેલ હવાલે કર્યા હતા.

ચેટી-ચાંદની શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતના રાજપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ચેટી-ચાંદના પવિત્ર પર્વે સીંધી ભાઈ-બહેનો સહિત સૌને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજયપાલશ્રીએ તેમના શુભ સંદેશામાં જણાવ્યું છે કે નવા વર્ષના શુભારંભે આ પાવન પર્વ સમાજમાં શાંતિ, પરસ્પર ભાઈચારા અને સુખ-સમૃધ્ધિમાં વૃધ્ધિ કરશે.

જિલ્લા પોલીસ તંત્ર દ્વારા રૂપિયા ૪ લાખથી વધુની કિંમતનો દેશી વિદેશી દારૂ પકડી પાડ્યો

ગાંધીનગર, તા. ૩૧

ગાંદ્યીનગર જિલ્લા ચૂંટણી અદ્યિકારી અને કલેકટર શ્રી પી.સ્વરૂપના અદ્યક્ષ સ્થાને આજરોજ લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૪ની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ગાંદ્યીનગર જિલ્લા પોલીસ અદ્યિક્ષક શ્રી શરદ સિંદ્યલે ચૂંટણી અંતર્ગત કાયદો અને વ્યવસ્થા અન્વયે કરવામાં આવેલ કામગીરીની વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર ચૂંટણી -ક્રિયા શાંતિપૂર્ણ વાતાવરણમાં, મુક્ત-ન્યાયી-નિષ્પક્ષ રીતે યોજાય તે માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા પૂર્ણ તકેદારી રાખવામાં આવી રહી છે.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અદ્યિક્ષક શ્રી શરદ સિંદ્યલે જણાવ્યું હતું કે, લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત લાયસન્સ વાળા કુલ- ૭૭૫ હથિયારો માંથી ૬૭૧ હથિયારો જમા લેવામાં આવ્યા છે. ૯૫ હથિયારના લાયસન્સ ધારકોને મુક્તિ આપવામાં આવી છે. ૯ હથિયાર જમા લેવાના બાકી છે. માથાભારે ૧૪૫ ઈસમોની સામે અટકાયતી પગલા લેવામાં આવ્યા છે. તે ઉપરાંત સીઆરપીસી ૧૦૭/૧૧૬, સીઆરપીસી ૧૦૭/૧૫૧, સીઆરપીસી ૧૦૯, સીઆરપીસી ૧૧૦, ગેહિબિશન એક્ટ હેઠળ -૯૩ અને પાસા જેવી કલમ હેઠળ કુલ-૨૩૫૩ કેસો કરવામાં આવ્યા છે.

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત જિલ્લામાં ગેહિબિશન એક્ટ હેઠળ રૂપિયા ૪૨,૮૦૦ની કિંમતનો ૨૧૪૦ લિટર દેશી દારૂ પકડવામાં આવ્યો છે. તે ઉપરાંત વિદેશી દારૂની ૧૬૯૫ બોટલ પકડવામાં આવી છે. જેની કિંમત ૩૫૭૫૨૭ થાય છે.

સમગ્ર જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની ચુસ્ત જાળવણી તેમજ આર્દશ આચારસંહિતાના અમલીકરણ માટે સતત પોલીસ તંત્ર સજાગ-સક્રિયપણે કાર્યરત છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

ઉદ્યોગભવન બ્લોક નં. ૧૪ ખાતે આવેલ બે લીફટમાંથી એક લીફટમાં છેલ્લા થોડાક સમયથી લાઈટ ચાલુ થતી નથી. લીફટમેન પણ હાજર હોતો નથી. લીફટની દિવાલોને ઠપકારો તો કયારેક ચાલુ થાય તેવું ત્યાંના લોકોનું કહેવું છે. ઓટીસ કંપનીને તા. ૨૭ માર્ચે ફરિયાદ લખાવી છતાં આજ સુધી કોઈ જ સમારકામ કરવામાં આવ્યું નથી લીફટ જયારે શરુ થાય ત્યારે બિલકુલ અંધકાર થઈ જાય છે. આ બાબત કેટલી ગંભીર છે તે સત્તાવાળાઓને કયાંથી ખબર પડે...!

માહિતી ખાતાના ડ્રાઈવર દેરાસરીનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

તાજેતરમાં ગાંધીનગર સ્થિત માહિતીખાતાની વડી કચેરીમાં ફરજ બજાવતા ડ્રાયવર એ.આર. દેરાસરીનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રેયોન સહાયક ઈજનેર મયુરભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા અને વય નિવૃત્ત થતા દેરાસરીની કામગીરીની પ્રસંશા કરી બિરદાવી હતી. તેમણે કહ્યું હતું કે ડ્રાયવર દેરાસરીને ખોટ કચેરીને હંમેશા સાલશે.

વિદાય સમારોહમાં વર્ગ-૩ કર્મચારી મંડળના પ્રમુખ દિનેશ ચૌહાણ, પ્રવિણ પટેલ, ડ્રાયવર મંડળ પ્રમુખ જી.એસ. ઠાકોર અને માહિતી ખાતાના ડ્રાયવરો સહિત અન્ય શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અગ્રણીઓએ વય નિવૃત્ત થતા ડ્રાયવર દેરાસરીને શાલ ઓઢાડી સ્મૃતિચિન્હ એનાયત કરવામાં આવ્યું હતું. દેરાસરીએ ભાવનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, ભુજ અને છેલ્લે ગાંધીનગરમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી.

શબ્દાવલી - ૫૩૫૪

૧	૨		■	૩	૪	૫	૬
૭		■	૮				
૯		■		■		■	
■		■	૧૦	૧૧		૧૨	■
૧૩	■	૧૪			■		
૧૫	૧૬	■	■	■	૧૭		૧૮
૧૯		૨૦		૨૧		■	
૨૨			■	૨૩			

આડી ચાવી

૧. પાઘ, ફેંટો (૩)
૩. હાંસિપાત્ર, મજાક (૪)
૭. વ્યક્તિત્વ (૫)
૯. જડની જેમ કોઇ ઊભું રહે ત્યારે ... જેવો ઉપનામ અપાય છે (૨)
૧૦. વીલ, વારસો લખી જવો(૪)
૧૪. ઇન્ડિયા, ... મારો દેશે છે (૩)
૧૫. પૃથ્વી (૨)
૧૭. અરમાન, ઇચ્છા (૩)
૧૯. પાસે પૈસોય ના હોય તેવો (૬)
૨૨. લાકડી (૩)
૨૩. તૃપ્ત થયા પછીનો ડકાર, એહીયા (૪)

ઊભી ચાવી

૧. માટી ખોદીને કાઢવાનું સાધન (૩)
૨. વોચ, સમયદર્શક યંત્ર (૪)
૩. પાકીટ (૨)
૪. એક અભિનેત્રી (૪)
૫. ચાલી, હાલવું (૨)
૬. ટીકાવાળું (૩)
૮. એક શાક (૪)
૧૧. ઠંડું, શીતળ (૨)
૧૨. ચોર (૩)
૧૩. દ્વિચક્રી વાહન (૪)
૧૬. વ્હાલુ, લાડકવાયુ (૩)
૧૭. દવા, ઔષધ (૩)
૧૮. ઘોડો, અશ્વ (૩)
૨૦. ચુની, નથ (૨)
૨૧. ગુંડલુ, બાંધેલા લોટનો નાનકડો ભાગ (૨)

શબ્દાવલી ૫૩૫૩ના જવાબ

આડી ચાવી :- (૧) આગમન (૫) કરવત (૬) રૂકમણી (૯) કુક્કર (૧૦) ધવલ (૧૨) મણીધર (૧૪) તક (૧૬) ધનુ (૧૭) વ્યાજ (૧૮) બટકો (૨૦) રકમવાર (૨૧) લટ

ઊભી ચાવી :- (૧) ગતકું (૩) ધરણીધર (૪) કોતવાલ (૭) મક્કમ (૮) ણીરણીધ (૧૧) માતબર (૧૩) ધર્નુધર (૧૫) કટક (૧૭) વ્યાકુલ (૧૯) કોમ

બ્રહ્મ મુહૂર્તમાં શંખનાદ કરવાથી ઘરનું વાતાવરણ પવિત્ર બને છે : કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

તાજેતરમાં નગરમાં બ્રહ્મનાદ અને યોગ વિશે વિસ્તૃત માહિતી આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બ્રહ્મનાદ દ્વારા માનવ શરીરના રોગોથી છુટકારો કેવી રીતે મેળવી શકાય તેની માહિતી તજજ્ઞો દ્વારા અપાઈ હતી.

શહેરની જાણીતી સંસ્થા અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ, લાયોનેસ કલબ અને વનશ્રી ટ્રસ્ટ દ્વારા ગઈ ૨૯મીના રોજ બ્રહ્મનાદ અને યોગ કાર્યક્રમ ભારતીય સ્વાસ્થ્ય સંઘના સુરક્ષા મહિલા છાત્રાલયના હોલમાં યોજાયો હતો.

કાર્યક્રમમાં બ્રહ્મનાદ વિશે પ્રો. સમીર પંડ્યાએ જણાવ્યું હતું કે બ્રહ્મનાદ એટલે શંખ વગાડવો. જેના દ્વારા આપણા શરીરમાં થતા બી.પી., ડાયાબીટીશ, કીડની, આંખોને લગતા રોગો પર નિયંત્રણ રાખી શકાય છે. તેમજ બ્રહ્મમુહૂર્તમાં શંખનાદ કરવાથી ઘરમાં હકારાત્મક શક્તિ ઉત્પન્ન થાય છે. અને વાતાવરણ પવિત્ર બને છે.

તેમજ પ્રેક્ષાભારતીથી પધારેલ શંભુદયાલ ટાંક દ્વારા યોગ વિશે માહિતી આપવામાં આવી હતી. તેમણે યોગના વિવિધ પ્રકારો દર્શાવી તેના ફાયદા જણાવ્યા હતા. યોગ એ બાળકથી લઈને વૃદ્ધો પણ કરી શકે છે. જેના દ્વારા શરીર સંપૂર્ણ નિરોગી રહેશે. આ પ્રસંગે મહાનુભાવોનું સ્વાગત સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ શર્મીષ્ઠાબેન દવે, વનશ્રી ટ્રસ્ટના અંજનાબેન અને સ્વાસ્થ્ય સંઘના સેક્રેટરી લીનાબેન મહેતાએ આભારવિધિ કરી હતી.

૧૮ માછીમારોના અપહરણની આશંકા

કેટલાય સમયથી પોરબંદરના ૧૮ માછીમારો ત્રણ બોટ સવાર થઈ સમુદ્રમાં ગયા બાદ પાછા ન ફરતા પાકિસ્તાની મરીન ચાંચિયાઓએ અપહરણ કર્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પાકિસ્તાન મરીન દ્વારા ભારતના માછીમારીઓના અપહરણના બનાવો અવારનવાર પ્રકાશમાં આવતા હોય છે. પોરબંદરમાં ૧૮ માછીમારો કેટલાય સમયથી પાછા ન ફરતા તેમના પરિવારજનોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે પોરબંદરના આ માછીમારોનું અપહરણ થયા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

યુનિવર્સિટીની સાઈટ ઉપર માહિતી અપલોડ થતી નથી

ગુજરાતની સૌથી મોટી ગણાતી ગુજરાત યુનિવર્સિટી ટેકનોલોજીની દ્રષ્ટિએ અન્ય યુનિવર્સિટીઓ સામે હરીફાઈમાં ટકી શકે તેમ નથી, કારણ કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઘરબેઠા માહિતી આપવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવેલ વેબસાઈટમાં છેલ્લા બે વર્ષથી કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. એટલું જ નહીં યુનિવર્સિટીમાં પરીક્ષાને લગતી બાબતોને બાદ કરવા કોઈ માહિતી વેબસાઈટ ઉપર મુકવામાં આવતી નથી, જેના કારણે વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીને રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટી માનવામાં આવે છે. પરંતુ યુજીસી પાસેથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ મેળવતી ગુજરાત યુનિવર્સિટી અણઘડ વહીવટને કારણે ટેકનોલોજીની દુનિયામાં પછાત સાબિત થઈ રહી છે. બહારગામથી અભ્યાસ અર્થે યુનિવર્સિટીમાં આવતા વિદ્યાર્થીઓને સવલત માટે યુનિવર્સિટીએ વેબસાઈટ શરૂ કરી છે, પરંતુ આ વેબસાઈટમાં છેલ્લા બે વર્ષથી કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. યુનિવર્સિટી દ્વારા માત્ર પરીક્ષાઓના પરીણામ વેબસાઈટ ઉપર અપલોટ કરાતા હોવાની છાપ વિદ્યાર્થીઓમાં પડી ગઈ છે. પરંતુ કેટલીક વખત પરીણામ જોવા જતા પણ વિદ્યાર્થીઓને સર્વર ડાઉન થઈ જવા હાલાકીનો સામનો કરવામાં આવે છે. સામાન્ય રીતે અન્ય યુનિવર્સિટીઓ વેબસાઈટ પર યુનિવર્સિટીના વાર્ષિક હિસાબ સુધીની વિગતો મુકવામાં આવતી હોય છે, પરંતુ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વાર્ષિક હિસાબની વાત તો દુર રહી યુનિવર્સિટીના વિવિધ કાર્કરો, યુનિવર્સિટીના આયોજકો, સેનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણયો, યુનિવર્સિટીએ જાહેર કરેલ જાહેરનામા, કોલેજોને કે વિદ્યાર્થીઓને લગતી સુચનાઓ જેથી કોઈપણ બાબત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવામાં આવતી નથી. જેના કારણે સમગ્ર વેબસાઈટ માત્ર શોભાના ગોઠીપારૂપ હોય તેવું પુરવા થઈ રહ્યું છે. આ અંગે જ્યારે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ એમએન પટેલના સંપર્ક કરાયો ત્યારે તેમણે પણ વેબસાઈટ અપડેટની બાબતમાં પોતાનું ધાર્યુ કરી શકતા ન હોવાનું જણાવ્યું હતું.

ઓઢવના જૈન દેરાસરમાં તાળા તોડી ૩ મૂર્તિઓની ચોરી કરાઈ

માત્ર છ મહિનામાં તસ્કરોએ આ જ દેરાસરને બીજી વખત ટાર્ગેટ બનાવતા ચક્ચાર : ભાવિ ભક્તોમાં રોષની લાગણી

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ શહેરમાં તસ્કરોની નજર ઘર અને બંધ ઓફિસ બાદ ભગવાનના ધામ એવા દેરાસર પર પડી રહી છે. ઓઢવ વિસ્તારમાં આવેલ જૈન દેરાસરનાં તાળા તોડી તસ્કરો ત્રણ ભગવાનની મૂર્તિ, રોકડ રકમ સહિત છ મહિના પહેલા પણ તસકરો ત્રાટક્યા હતા, જયારે બીજી વખત આ દેરાસરને તસ્કરોએ નિશાન બનાવતા ભાવિ ભક્તોમાં રોષની લાગણી જન્મી છે.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, શહેરના પૂર્વ વિસ્તાર એવા ઓઢવમાં આવેલા અંબિકાનગરમાં નેમિનાથ દિગમ્બર જૈન દેરાસરમાં ગત મોડી રાત્રીના તસ્કરો ત્રાટક્યા હતા. દેરાસરમાંથી તસ્કરો ૨૦૦ વર્ષ જુની ભગવાનની મૂર્તિ, દાન પેટી સહિત કુલ મળી રૂા. ૨૩,૫૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે છ મહિના અગાઉ પણ તસ્કરો આ જ દેરાસરને નિશાન બનાવ્યું હતું, અને તે બનાવને લગભગ છ મહિના પૂરા થયા ત્યાં સુધી ઓઢવ પોલીસે ચોરીનો ભેદ ઉકેલી શકી નથી, ત્યારે ઓઢવ પોલીસના માથે એક બીજી ચોરીનો ભેદ ઉકેલવાનો ટાર્ગેટ માથે આવીને ઉભો રહ્યો, પરંતુ આ સમગ્ર મામલે જૈન દેરાસરના સત્તાધીશો આજે ઉશ્કેરાટમાં આવીને ટોળા સ્વરૂપે ઓઢવ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવા પહોંચી ગયા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે છ મહીના અગાઉ દેરાસરમાં ચોરી થઈ હોવા છતાં સત્તાધીશોએ દેરાસરમાં સીસીટીવી કેમેરા લગાવ્યા નહોતા. ત્યારે આ સમગ્ર મામલાની તપાસ હાથ ધરવા ઓઢવ પોલીસે આસપાસના વિસ્તારમાંથી સીસીટીવી ફુટેજ મેળવવાના પ્રયત્નો હાથ ધર્યા છે, તેમજ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે એક તરફ વધી રહેલી મોંઘવારીના કારણે તો બીજી તરફ ગુનાખોરી ડામવામાં સદંતર નિષ્ફળ નીવડેલી પોલીસના રાજમાં તસ્કરો દ્વારા થતી ચોરીના બનાવો વધી રહ્યા હોય તેવું લાગે છે.

સુરત શહેરમાં ફાયરીંગનો વધુ એક બનાવ બન્યો

અમદાવાદ, તા.૩૧

હિરા ઉદ્યોગ તેમજ ટેક્ષટાઈલ માટે જાણીતા એવા સુરત શહેરમાં ફાયરીંગની ઘટનાઓ તો જાણે સાવ સામાન્ય બની ગઈ છે ત્યારે સુરતના અમરોલી પાસેના ઉતરાણમાં ફાયરીંગની ઘટના સામે આવી છે.

જો કે આ અંધાધુધ ફાયરીંગમાં બે વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો. અજાણ્યા શખ્સો દ્વારા બે ઈસમો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જો કે આ બનાવનો ભોગ બનનાર બંનેનો બચાવ થયો હતો. ઘટના બાદ અમરોલી પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી જઈને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

વીવીપેટનો ઉપયોગ કરાશે

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

મતદાતાએ કોને (કયો ઉમેદવાર, એનું ચૂંટણી ચિહ્ન) મત આપ્યો છે તે મતદાન કુટીરમાં તે સમયે જોઈ શકશે. મશિનમાં આ માહિતી માત્ર આઠ સેકન્ડ પુરતી ડિસ્પ્લે થશે. વીવીપેટ મશિન ઈ.વી.એમ. જેવું એક ખૂબ મહત્વપૂર્ણ સાદ્યન છે, એની કાળજી-તકેદારી ચુસ્ત રીતે રાખવામાં આવશે. -થમ વખત આ પદ્ધતિ દાખલ થતી હોઈ, તેના સુયોગ્ય ઉપયોગ અર્થે મતદાતાઓ, રાજકીય પક્ષો, ચૂંટણી કામગીરીમાં જોડાયેલા અદ્યિકારીઓ-કર્મચારીઓને જરૂરી તાલીમ પણ આપવામાં આવશે. વીવીપેટને પણ ઈ. વી. એમ. ની જેમ સ્ટ્રોંગ રૂમમાં ચૂસ્ત બંદોબસ્ત સાથે રાખવામાં આવશે.